**<u>પડધરીના મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,</u>**
**<u>મુ. પડધરી, જી.રાજકોટ.</u>**

**ક્રીમી. કેસ નં–૫૪૧/૨૦૨૨**
**આંક –**

**ફરીયાદી** – શ્રી સરકાર,

વિરૂધ્ધ

**આરોપી** – ક્રિપાલસિંહ કનકસિંહ જાડેજા,
રહે. કનકપુર ખોખરી, તા.પડધરી, જી.રાજકોટ.

**ગુનો – મો.વ્હી.એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબ...**

**<u>–ઃ ચુકાદો ઃ–</u>**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર રસ્તા ઉપર પાસ પરમીટ વગર કેફી પીણુ પીધેલાની હાલતમાં વાહન સર્પાકાર ચલાવી મો. વ્હી. એકટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ. જે બદલની ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ છે. આજરોજ આરોપીએ હાજર થઈ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. આરોપીએ કરેલ ગુના તેમની વાંચી સંભળાવી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુન્હો કર્યાનો પસ્તાવો થાય છે, અમો

હવેથી અન્ય ગુન્હો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૨) આમ, આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે કોઇ ગુનામાં સંડોવાયેલા તેવી કોઇ હકીકત જણાતી નથી. હાલમાં મો.વ્હી. એકટના કાયદામાં આવેલ સુધારા મુજબ તેમાં દસ હજાર રૂપીયા સુધીના દંડની જોગવાઇ છે પરંતુ આરોપીએ કરેલ મૌખીક રજુઆતો સાથે નામ. ગુજરાત હાઇકોર્ટનો ગુજરાત રાજ્ય વિરૂદ્ધ નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ ક્રીમી. લો. જનરલ ૨૯૫૭માં પેરા ૮૬માં ઠરાવેલ સીધ્ધાંત ધ્યાને લેવામાં આવે તો,

Para–86. In short, in our conclusions on objective assessment and evaluation of the factual and legal profile, in this group of criminal appeals, a sentence of imprisonment for a period of less than minimum with the help of proviso and in terms of the requirements and on proof of existence of special and adequate reasons for a first offence, the Court is empowered and entitled to award less than minimum sentence on finding accused guilty either by evidence or by raising "plea of guilty" and judicial directions and prescription of special format contrary to the statutory provisions as observed by us, herein above, are not binding and required to be followed for recording the plea of guilty of accused and the proposition provided in three decisions relied on by the State are not

affirmed and approved by us to the extent as stated above for the elaborate reasons and factual matrix and legal profile given herein above and upon true and correct interpretation and legislative internments, forensic and jurisprudential exposition of the relevant propositions of the said provisions of Bombay Prohibition Act in general and proviso to Sections 66 and 85, so far as first offence is concerned.

આમ સદર સીધ્ધાંત ધ્યાને રાખતા કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવુ ન્યાયી જણાય છે. ઉપરાંત કાયદાનો મુખ્ય ઉદેશ કે તકરાર કે જેમાં ટ્રાયલનો સમાવેશ થાય છે તે સરળ, તરત, સસ્તી રીતે પુર્ણ થવુ જોઇએ, આજના સંજોગો, કાયદા અને ન્યાયનુ એડમીનીસ્ટ્રેશન, સોસાયટીમાં બદલાતા સંજોગો, માન્યતાઓ, સમાજની ગુનાઓને જોવાની નજર વિગેરે ધ્યાને રાખતા તેમજ કોર્ટમાં રહેલ કેસના ભારણો જોતા હાલના ગુનાઓ કબુલાતથી પુર્ણ કરવામાં આવે તો ગંભીર ગુનાઓ કોર્ટ યોગ્ય રીતે સારી રીતે ચલાવી શકે તેમ છે. હાલના કેસની ટ્રાયલ ચલાવવામાં આવે તો તેમાં થતો સમયનો વ્યય ધ્યાને રાખતા અને તેમાં પક્ષકારો, સાહેદો, આરોપીઓ વિગેરેને પડતી મુશ્કેલી, હાડમારી ધ્યાને રાખતા તે બાબતે ગંભીરતાથી વિચારણ કરતા હાલનો કેસ કબુલાતથી પુર્ણ કરવો યોગ્ય જણાય છે.

(૩) આમ સદર કેસની હકિકત, આરોપીની ઉમર, તેઓની સ્વૈચ્છીક કબુલાત, આક્ષેપીત ગુનાની સજા અને ઉપર કરેલ ચર્ચા ધ્યાને રાખતા આરોપીને જેલની સજા ન કરી અને કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી દંડની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **<u>હુકમ</u>** ///

(૧) આ કામના આરોપી ક્રિપાલસિંહ કનકસિંહ જાડેજા, રહે. કનકપુર ખોખરી, તા.પડધરી, જી.રાજકોટ વાળાને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ મો. વ્હી.

એક્ટની કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એક્ટની કલમ–૬૬(૧)(બી) મુજબનો ગુન્હો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુન્હો કરવા બદલ રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે પરત સોપવા બાબતે જો કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે. જો કોઇ હુકમ કરવામાં ન આવેલ હોય તો મુદ્દામાલની માલીકીની નિયમોનુસારની ખરાઇ કરી તેના માલીકને તાત્કાલીક સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૨–૧૧–૨૦૨૨ નાં રોજ નેશનલ લોક અદાલત (સ્પેશ્યલ સીટીંગ) માં વાંચી સંભળાવી મારી સહી સીક્કો કરી જાહેર કર્યો.

તા. :–૧૨–૧૧–૨૦૨૨
સ્થળ :–પડધરી.

(મોહંમદ સઈદ એમ. શેખ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
પડધરી, જી.રાજકોટ કોડ નં. જીજે૦૧૨૦૦